પેજ 3

વિજય દેવરકોંડાએ રશ્મિકા મંદાના સાથે લગ્ન પહેલાં હલ્દી વિધિની ઝલક શેર કરી

ઉદયપુર, તા. 25 (PTI): તેલુગુ સ્ટાર વિજય દેવરકોંડાએ બુધવારે અભિનેત્રી રશ્મિકા મંદાના સાથેનાં લગ્ન પહેલાં હલ્દી વિધિની ઝલક શેર કરી હતી. આ કપલ ગુરુવારે ઉદયપુરની બહારના ભાગમાં આવેલી એક લક્ઝરી હોટલમાં લગ્નગ્રંથિથી જોડાશે, જેના પ્રી-વેડિંગ ફંક્શન્સ આગામી બે દિવસ સુધી ચાલશે. વિજયે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ દ્વારા ચાહકોને હલ્દીના ભવ્ય સેટઅપની એક ઝલક બતાવી હતી. વિઝ્યુઅલ્સમાં એક ગોળાકાર આઉટડોર જગ્યા જોવા મળી હતી જ્યાં વર અને કન્યા માટે મધ્યમાં બે નાની લાકડાની પાટલીઓ રાખવામાં આવી હતી. આ વિસ્તારની આસપાસ તેજસ્વી પીળા અને નારંગી ગલગોટાની પાંખડીઓની ટોપલીઓ રાખવામાં આવી હતી.અન્ય એક સ્ટોરીમાં અભિનેતાએ ફૂલોના આકારના પર્સનલાઇઝ્ડ નેમ પ્લેકાર્ડ્સનો ક્લોઝ-અપ શેર કર્યો હતો - જેમાં એક પર રશ્મિકાનું હુલામણું નામ 'રુશી' અને બીજા પર 'વિજય' લખેલું હતું - જે તાજા લિલી, ગુલાબ અને ગલગોટાનાં ફૂલો વચ્ચે રાખવામાં આવ્યાં હતાં.

સંજય લીલા ભણસાળીની તબિયત લથડતા હોસ્પિટલમાં, પરિવારે કહ્યું તે એકદમ સ્વસ્થ છે

મુંબઈ, તા. 25 (PTI) : ફિલ્મ-નિર્માતા સંજય લીલા ભણસાળી એકદમ સ્વસ્થ છે. એમ તેમના પરિવારે બુધવારે જણાવ્યું હતું. મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું હતું કે, તેમને હાર્ટ એટેક આવ્યા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરિવારે હાર્ટ એટેકની પુષ્ટિ કરી નથી કે તેનો ઉલ્લેખ પણ કર્યો નથી, પરંતુ જણાવ્યું હતું કે, તેઓ રૂટિન મેડિકલ ચેક-અપ માટે હોસ્પિટલ ગયા હતા. પરિવારે કહ્યું હતું કે, ' 'સંજય લીલા ભણસાળી એકદમ સ્વસ્થ છે. તેઓ રૂટિન મેડિકલ ચેક-અપ માટે ગયા છે અને ચિંતાનું કોઈ કારણ નથી. દરેક વ્યક્તિ દ્વારા દર્શાવવામાં આવેલ પ્રેમ, સંભાળ અને ચિંતાની અમે નિષ્ઠાપૂર્વક પ્રશંસા કરીએ છીએ. તમારા સતત સમર્થન અને શુભેચ્છાઓ માટે આભાર.'' મીડિયાના એક વર્ગે જણાવ્યું હતું કે, ભણસાળીને મંગળવારે તેમના 63મા જન્મદિવસે હાર્ટ એટેક આવ્યો હતો અને તેમને કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

'ધ કેરળ સ્ટોરી 2' સામેની અરજીઓ અપરિપક્વ અને ગેરસમજભરી : નિર્માતાની હાઈકોર્ટમાં રજૂઆત

કોચી, તા. 25 (PTI): 'ધ કેરળ સ્ટોરી 2-ગોઝ બિયોન્ડ' ના નિર્માતાએ કેરળ હાઈકોર્ટને જણાવ્યું છે કે, ફિલ્મની રિલીઝનો વિરોધ કરતી અરજીઓ અપરિપક્વ, ગેરસમજભરી અને ટકવાપાત્ર નથી. આ રજૂઆત ફિલ્મના નિર્માતા વિપુલ અમૃતલાલ શાહ દ્વારા મંગળવારે કોર્ટમાં દાખલ કરવામાં આવેલા એક સોગંદનામામાં કરવામાં આવી હતી. આ અરજીઓનો વિરોધ કરતાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી)એ બુધવારે જણાવ્યું હતું કે, અરજદારો પાસે રિવિઝન (પુન:વિચારણા) માંગવાનો વૈકલ્પિક વૈધાનિક ઉપાય ઉપલબ્ધ છે. બોર્ડે કોર્ટને એમ પણ જણાવ્યું હતું કે, આ અરજીઓ જાહેર હિતની અરજીઓ તરીકે ફાઈલ થવી જોઈતી હતી, જેની સુનાવણી ડિવિઝન બેન્ચ દ્વારા કરવામાં આવે છે.



વર્ષ 2026 માટેના પ્રતિષ્ઠિત 'વર્લ્ડ નેચર ફોટોગ્રાફી એવોર્ડ્સ'ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે, જેમાં વિશ્વભરના ફોટોગ્રાફર્સે પ્રકૃતિ અને વન્યજીવોની વિસ્મયકારક ક્ષણોને કેમેરામાં કેદ કરી છે. આ વર્ષનો સર્વોચ્ચ 'ગ્રાન્ડ પ્રાઈઝ' અને 'વર્લ્ડ નેચર ફોટોગ્રાફર ઓફ ધ યર'નો ખિતાબ ઓસ્ટ્રેલિયાના અંડરવોટર ફોટોગ્રાફર જોનો એલનને મળ્યો છે. તેમણે ટોંગાના દરિયામાં 'માહિના' નામની અત્યંત દુર્લભ સફેદ હમ્પબેક વ્હેલના બચ્ચાનો અદભૂત ફોટો પાડીને આ સિદ્ધિ હાંસલ કરી છે. આ એવોર્ડમાં વિશ્વભરના વિવિધ દેશોમાંથી હજારો એન્ટ્રીઓ આવી હતી. આ વર્ષે 'પીપલ એન્ડ નેચર' કેટેગરીમાં ડીના સ્વેન્સન દ્વારા લેવાયેલી તસવીર આકર્ષણનું કેન્દ્ર બની છે. વ્યોમિંગના ગ્રાન્ડ ટેટન નેશનલ પાર્કમાં જ્યારે ફોટોગ્રાફર્સ એક વિશાળ 'બુલ મોઝ'ના રસ્તામાંથી ખસી ગયા, ત્યારે તે પ્રાણીએ પાછળ રહી ગયેલા કેમેરા ગિયરની કુતૂહલવશ તપાસ કરી હતી, જેને ડીનાએ હૂબહૂ કેદ કરી પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેવી જ રીતે, 'નેચર ફોટોજર્નાલિઝમ' શ્રેણીમાં અલાઈન શ્રોડર દ્વારા લેવાયેલ 37 વર્ષીય ચિમ્પાન્ઝી (કાયલા)ના અલ્ટ્રાસાઉન્ડનો ફોટો ખૂબ ચર્ચામાં રહ્યો છે, જેમાં તેને તાપમાન જાળવવા ટોપી અને મોજાં પહેરાવવામાં આવ્યા હતા. તેવી જ રીતે, એનિમલ પોર્ટ્રેટ શ્રેણીમાં મેરી શ્રાડરે એક યુવાન માદા ગોરીલાને રંગબેરંગી પતંગિયા સાથે કુતૂહલવશ રમતી કેદ કરી છે, જે પ્રકૃતિના અદભૂત આંતર-સંબંધોને ઉજાગર કરે છે. પ્રાણીઓના વર્તનની શ્રેણીમાં સિંગાપોરના વૈદેહી ચંદ્રશેખરે બોત્સ્વાનામાં પાણી પીતી વખતે સોનેરી પ્રકાશમાં પાણીના ફુવારા ઉડાડતા જિરાફને કેદ કર્યું છે, જ્યારે દક્ષિણ આફ્રિકાના નામીબ રણમાં રેતીના તોફાનનો હિંમતભેર સામનો કરતા કાચંડાનો ફોટો ડેવાલ્ડ ટ્રોમ્પે લીધો છે. બીજી તરફ, પર્યાવરણ અને માનવ પ્રભાવને દર્શાવતી કેટેગરીમાં રોબર્ટ ગ્લોકનરનો ફોટો આઘાતજનક છે, જેમાં ધ્રુવીય રીંછ બરફને બદલે માનવ સર્જિત કચરા અને ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ વચ્ચે જોવા મળે છે.

મહારાષ્ટ્રના પૈઠણમાં ગોદાવરી નદીનું જળ સ્તર ઘટતાં ગ્રામજનો સોનું શોધવા ઉમટ્યા

છત્રપતિ સંભાજીનગરના પવિત્ર શહેરની આસપાસનાં ગામડાંઓના લોકો નદીમાં કિંમતી વસ્તુઓ શોધવા ઊમટી પડ્યા

છત્રપતિ સંભાજીનગર : તા. 25 : મોટા ભાગના લોકો માટે નદીનું ઓછું થતું સ્તર એ દુષ્કાળની નિશાની છે, પરંતુ મહારાષ્ટ્રના પૈઠણ શહેરના સ્થાનિકો માટે, જ્યારે ગોદાવરી નદીનું સ્તર ઘટે છે, ત્યારે તે નદી કિનારે સોનું શોધવા જવાનો સમય હોય છે.

ચાળણી અને જાળીઓ લઈને છત્રપતિ સંભાજીનગરના આ પવિત્ર શહેરની આસપાસનાં ગામડાંઓના લોકો સોમવારે ગોદાવરી નદીના કાંઠે ઊમટી પડ્યા હતા અને પાણી ઓછું થતાં કિંમતી ચીજવસ્તુઓની શોધ કરી હતી. ગોદાવરી નદી એક એવા સ્થળ તરીકે સેવા આપે છે જ્યાં શોકગ્રસ્ત સંબંધીઓ તેમના પ્રિયજનો માટે અંતિમ સંસ્કાર કરે છે અને તેમની જ્વેલરી (ઘરેણાં), સિક્કા અને અન્ય કિંમતી વસ્તુઓ પધરાવે છે.

ભીષણ ગરમીમાં પણ ઘણા લોકો નદીના કાંઠે એકઠા થયા હતા અને ખોવાયેલા ખજાના અને કિંમતી વસ્તુઓની શોધમાં કમર સુધીના પાણીમાં ઊતર્યા હતા, જેને તેઓ નદી તરફથી મળેલી ભેટ માને છે.

પૈઠણ પોલીસ સ્ટેશનના એક વરિષ્ઠ અધિકારીએ આ ઘટનાને 'રૂટિન' ગણાવી હતી. અધિકારીએ કહ્યું, ''જ્યારે પણ નદીનું જળસ્તર ઘટે છે, ત્યારે લોકો નાની જાળીઓ અને ચાળણીઓ લઈને આવે છે અને નદીમાં જાય છે. તેઓ કિંમતી વસ્તુઓની શોધમાં નદીના પટની રેતી અને કાદવને ચાળે છે.''

અધિકારીએ વધુમાં જણાવ્યું કે, જ્યારે લોકોને કંઈક મળે છે ત્યારે તેઓ એવું માને છે કે પવિત્ર નદીએ તેમને કોઈ કિંમતી વસ્તુ ભેટમાં આપી છે.

ઓડિશામાં માઈનિંગ અધિકારીના ઘરેથી 4.27 કરોડથી વધુની રોકડ મળી

રાજ્યમાં અત્યાર સુધી કરવામાં આવેલી આ સૌથી મોટી રોકડ જપ્તી છે

કોંગ્રેસે ભાજપ શાસનમાં રાજ્યમાં ભ્રષ્ટાચાર વધ્યો હોવાના આરોપ લગાવ્યો

ભુવનેશ્વર, તા. 25 (પીટીઆઈ): ઓડિશાના માઈન્સ ડિપાર્ટમેન્ટના એક અધિકારીના ઘરે વિજિલન્સ વિભાગના દરોડામાં ટ્રોલી બેગમાં ભરેલી રોકડનો મોટો જથ્થો મળી આવ્યો હતો. ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરાયેલા ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ માઈન્સ દેબબ્રત મોહંતીના ભુવનેશ્વર સ્થિત ફ્લેટમાંથી 4.27 કરોડ રૂપિયાથી વધુની રોકડ જપ્ત કરવામાં આવી છે. રાજ્યની એન્ટી કરપ્શન એજન્સી દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલી આ સૌથી મોટી રોકડ જપ્તી છે.

વિજિલન્સ વિભાગના જણાવ્યા અનુસાર, મોહંતી એક લાયસન્સ ધરાવતા કોલસાના વેપારી પાસેથી 30000 રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

ત્યારબાદ તેમના ભુવનેશ્વરના ફ્લેટ, કટક સ્થિત ઓફિસ અને ભદ્રક જિલ્લામાં આવેલા પૈતૃક નિવાસસ્થાને એકસાથે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેમની ઓફિસના ખાનામાંથી પણ 1.20 લાખ રૂપિયા મળી આવ્યા હતા. રોકડ સિવાય ભુવનેશ્વરમાં એક આલીશાન બે માળનું મકાન, 130 ગ્રામ સોનું અને 10 જેટલા બેંક ખાતાઓની વિગતો પણ સામે આવી છે.

નોંધનીય છે કે દેબબ્રત મોહંતી 2004માં માત્ર 8000 રૂપિયાના પગાર સાથે જુનિયર માઈનિંગ ઓફિસર તરીકે સરકારી સેવામાં જોડાયા હતા. વર્ષ 2009માં પણ તેમની સામે ભ્રષ્ટાચારનો કેસ નોંધાયો હતો, જેની ટ્રાયલ હજુ ચાલી રહી છે.

આ મામલે રાજકીય ગરમાવો પણ જોવા મળી રહ્યો છે, જેમાં વિપક્ષ કોંગ્રેસે રાજ્યની 'ડબલ એન્જિન' સરકાર પર પ્રહાર કરતા કહ્યું હતું કે રાજ્યમાં આ સરકાર હેઠળ ભ્રષ્ટાચાર વધ્યું છે.

હાલમાં અધિકારી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ટ્રમ્પે ભૂલથી કહ્યું: મેં દખલગીરી ન કરી હોત તો પાકિસ્તાનના વડા પ્રધાન મરી ગયા હોત

સોશિયલ મીડિયા પર આ નિવેદન પર તુરંત જ મીમ્સ અને જોક્સ બનવાના શરૂ થયા

ટ્રમ્પે ફરી ભારત-પાક. યુદ્ધ અટકાવવાનો દાવો કર્યો

ન્યૂયોર્ક-વોશિંગ્ટન, તા. 25 (પીટીઆઈ): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે તેમના 'સ્ટેટ ઓફ ધ યુનિયન' સંબોધનમાં દાવો કર્યો હતો કે તેમના હસ્તક્ષેપને કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ યુદ્ધ ટળ્યું છે. ટ્રમ્પે કહ્યું કે તેમના સત્તાના પ્રથમ 10 મહિનામાં તેમણે વિશ્વના આઠ યુદ્ધોનો અંત આણ્યો છે, જેમાં મે 2025માં ભારત અને પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી યુદ્ધ જેવી સ્થિતિનો પણ સમાવેશ થાય છે. સોશિયલ મીડિયા પર આ નિવેદન પર તુરંત જ મીમ્સ અને જોક્સ બનવાના શરૂ થયા હતા અને લોકોએ પાકિસ્તાનની મજકા ઉડાવવાની શરૂ કરી હતી જોકે અમુક લોકોએ ધ્યાન દોર્યું હતું કે કદાચ ટ્રમ્પ ભૂલથી ખોટું બોલી ગયા હશે. ટ્રમ્પે કહ્યું હતું કે '3.5 કરોડ લોકોએ મને કહ્યું કે પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફ મરી ગયા હોત.' દેખીતી રીતે તેમનો અર્થ હતો કે 'શહબાઝ શરીફે મને કહ્યું હતું કે જો મેં દખલગીરી ન કરી હોત તો 3.5 કરોડ લોકો માર્યા ગયા હોત.' ટ્રમ્પે અગાઉ આ આંકડો 2.5 કરોડ અને 1 કરોડ પણ કહ્યો હતો. તેમણે ઉમેર્યું કે પાકિસ્તાની પીએમએ 'ઓપરેશન સિંદૂર' દરમિયાન હસ્તક્ષેપ કરવા માટે તેમને વિનંતી કરી હતી. ભારતે ટ્રમ્પના આ દાવાઓને સતત નકારી કાઢ્યા છે. ભારત સરકારનું કહેવું છે કે મે 2025માં યુદ્ધવિરામ બંને દેશોના ડીજીએમઓ વચ્ચેની સીધી વાતચીતનું પરિણામ હતું, તેમાં કોઈ ત્રીજા પક્ષની ભૂમિકા ન હતી.

શ્રીલંકા ઈસ્ટર બોમ્બ વિસ્ફોટ કેસમાં પૂર્વ ગુપ્તચર વડા સુરેશ સાલેની ધરપકડ

આ નરસંહારના અસલી માસ્ટરમાઇન્ડ સુધી પહોંચવા સાલેની પૂછપરછ કરાશે

વર્તમાન શ્રીલંકા સરકારનો દાવો: અગાઉ રાજકીય પ્રભાવ હેઠળ આ મામલે સત્ય છુપાવવાનો પ્રયાસ કરાયો હતો

કોલંબો, તા. 25 (પીટીઆઈ): શ્રીલંકાના પૂર્વ સ્ટેટ ઈન્ટેલિજન્સ સર્વિસ ચીફ સુરેશ સાલેની બુધવારે 2019ના ભયાનક ઈસ્ટર બોમ્બ વિસ્ફોટ કેસમાં ધરપકડ કરવામાં આવી છે. આ આતંકી હુમલામાં 270 લોકોનાં મોત થયાં હતાં, જેમાં ભારતીય નાગરિકોનો પણ સામેલ હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, નિવૃત્ત મેજર જનરલ સાલેને 'પ્રિવેન્શન ઓફ ટેરરિઝમ એક્ટ' (પીટીએ) હેઠળ 72 કલાકની અટકાયતમાં લેવામાં આવ્યા છે જેથી આ નરસંહારના અસલી માસ્ટરમાઈન્ડ સુધી પહોંચી શકાય. સાલે 2015 પહેલા તત્કાલીન મહિન્દા રાજપક્ષે સરકાર હેઠળ રાજ્ય ગુપ્તચર સેવાનું નેતૃત્વ કરતા હતા. જ્યારે આ હુમલો થયો ત્યારે સાલે વિદેશમાં રાજદ્વારી પદ પર સેવા આપી રહ્યા હતા.

વરિષ્ઠ પોલીસ અધિકારી સંજીવા મદવત્તાએ પત્રકારોને જણાવ્યું હતું કે, અત્યાર સુધીની તપાસના આધારે આ ધરપકડ કરવામાં આવી છે. 2019ના ઈસ્ટર સન્ડે પર કોલંબોની ફાઈવ-સ્ટાર હોટલો અને ચર્ચોમાં થયેલા આત્મઘાતી હુમલા માટે સ્થાનિક જેહાદી જૂથ જવાબદાર હતું. જોકે, એવી અફવાઓ હતી કે સ્થાનિક સંરક્ષણ તંત્ર પાસે હુમલાની આગોતરી જાણકારી હોવા છતાં પગલાં લેવાયા નહોતા. તત્કાલીન મૈત્રીપાલા સિરીસેના સરકાર પર પણ આક્ષેપ હતો કે ભારત દ્વારા ગુપ્તચર માહિતી શેર કરવામાં આવી હોવા છતાં તેઓ હુમલો રોકવામાં નિષ્ફળ રહ્યા હતા.

વર્ષ 2024ના અંતમાં સત્તામાં આવેલી વર્તમાન નેશનલ પીપલ્સ પાવર (એનપીપી) સરકારે આ કેસની તપાસ ફરીથી શરૂ કરી છે. સરકારનો દાવો છે કે અગાઉ રાજકીય પ્રભાવ હેઠળ આ મામલે સત્ય છુપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ધરપકડ બાદ સાલેની સઘન પૂછપરછ કરવામાં આવશે, જેનાથી હુમલા પાછળના મોટા ષડયંત્રનો પર્દાફાશ થવાની શક્યતા છે.

યોત્સુકાઈડો, જાપાન: ૨૦૦ વર્ષ જૂના ઐતિહાસિક 'વરાબી હડકા' ઉત્સવ દરમિયાન કાદવથી લથબથ મોક બેટલ (નકલી યુદ્ધ)માં ખભેખભા મિલાવી ભાગ લેતા શ્રદ્ધાળુઓ. સારા પાકની આશા સાથે યોજાતા આ અનોખા મડ-ફેસ્ટિવલની એક જીવંત ક્ષણ.

આસામ: બોયફ્રેન્ડની નજર સામે 7 લોકોનો મહિલા પર સામૂહિક બળાત્કાર

ગુવાહાટી, તા. 25: આસામના કછાર જિલ્લાના સિલચર શહેર પાસે એક 28 વર્ષની મહિલા પર તેના બોયફ્રેન્ડની નજર સામે જ 7 લોકોએ સામૂહિક બળાત્કાર કર્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આ મામલે 19 ફેબ્રુઆરીએ ફરિયાદ નોંધવામાં આવી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં બે લોકોની ધરપકડ કરવામાં આવી છે.પીડિતાના પરિવારજનોએ કહ્યું હતું કે, ''આરોપીઓએ પહેલા કપલને તેમના રહેઠાણ વિશે પૂછ્યું અને પછી અચાનક મહિલા અને તેના મિત્રને પકડી લીધા. ત્યાં લગભગ 7 માણસો હતા અને તેમણે તેના મિત્રની નજર સામે જ વારાફરતી બળાત્કાર કર્યો હતો.'' ન્યૂઝ એજન્સી પીટીઆઈ મુજબ, પોલીસ શરૂઆતમાં આ મામલે મૌન હતી, પરંતુ મંગળવારે સિલચરના એક પત્રકાર પર એક આરોપીના પરિવારના સભ્યોએ હુમલો કર્યો. ત્યાર બાદ આ મામલો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. પોલીસે જણાવ્યું કે, પીડિતાએ બે લોકોની ઓળખ કરી હતી, જેમની બાદમાં ધરપકડ કરવામાં આવી છે. કેસમાં બાકીના લોકોની ઓળખ કરવા અને તેમને પકડવાના પ્રયાસો ચાલુ છે. પોલીસે જણાવ્યું હતું કે, સિલચર સદર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ઓમાનમાં ઊંટ સુંદરતા સ્પર્ધામાં બોટોક્સ કૌભાંડ

20 ઊંટોને બહાર કરાયા

મસ્કટ, તા. 25: ઓમાનના મસ્કટમાં યોજાયેલી ઊંટ સુંદરતા સ્પર્ધામાં એક વિચિત્ર કૌભાંડ સામે આવ્યું છે, જેમાં 20 ઊંટોને 'બોટોક્સ ઈન્જેક્શન' અને અન્ય કોસ્મેટિક સર્જરીના કારણે ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. અખાતી દેશોમાં ઊંટોની સુંદરતા સ્પર્ધા સાંસ્કૃતિક પ્રતિષ્ઠાનો વિષય છે, જેમાં કરોડો રૂપિયાના ઈનામો હોય છે. વધારે આકર્ષક દેખાડવા માટે માલિકોએ ઊંટના હોઠ ફુલાવવા બોટોક્સ, ચહેરો નરમ કરવા મસલ રિલેક્સન્ટ અને ખૂંધ મોટી કરવા સિલિકોન વેક્સનો ઉપયોગ કર્યો હતો. વેટરનરી નિષ્ણાતોએ આ છેડછાડ પકડી પાડી હતી. અગાઉ 2021માં સાઉદી અરેબિયામાં પણ 40 ઊંટોને આવી છેતરપિંડી બદલ બહાર કરાયા હતા.

જાહેર હસ્તીઓએ ખાસ સમુદાયને નિશાન બનાવવો જોઈએ નહીં: ધુસખોર પંડિત પર સુપ્રીમ

દેશની અખંડિતતા જાળવવા માટે નાગરિકો વચ્ચે ભાઈચારો કેળવવો એ એક બંધારણીય ધર્મ છે

નવી દિલ્હી, તા. 25 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ અવલોકન કરતા કહ્યું છે કે, રાષ્ટ્રીય એકતા અને સામાજિક સુમેળ માટે 'બંધુત્વ' એક અનિવાર્ય તત્વ છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે ઉચ્ચ બંધારણીય હોદ્દા પર બેઠેલી વ્યક્તિઓ ધર્મ, ભાષા, જાતિ કે પ્રદેશના આધારે કોઈ ચોક્કસ સમુદાયને નિશાન બનાવી શકે નહીં. જસ્ટિસ ઉજ્જલ ભુયાન દ્વારા આગામી નેટફ્લિક્સ ક્રાઈમ થ્રિલર ફિલ્મ 'ધૂસખોર પંડિત'ના રિલીઝને પડકારતી અરજી પરના ચુકાદામાં આ ટિપ્પણી કરવામાં આવી હતી. ચુકાદામાં જણાવ્યા અનુસાર, સરકારી હોય કે અન્ય કોઈ પણ બિનસરકારી વ્યક્તિ, ભાષણો, મીમ્સ, કાર્ટૂન કે દ્રશ્ય કલાના માધ્યમથી કોઈ પણ સમુદાયને બદનામ કે અપમાનિત કરી શકે નહીં.